| | | | |
|---|---|---|---|
| રજુ કર્યા તારીખ : | ૦૪/૧૦/૨૦૨૪ | | |
| દાખલ તારીખ : | ૦૪/૧૦/૨૦૨૪ | | |
| ફૈંસલ તારીખ : | ૦૫/૦૫/૨૦૨૬ | | |
| સમય મર્યાદા : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૦ |

# <u>મોડાસાના મહે. નામદાર એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. એસ. આર. શર્મા સાહેબશ્રીની કોર્ટમાં,મું. મોડાસા.જીલ્લો : અરવલ્લી.</u>.

**<u>ફૈંસલ તારીખ : ૫ મી મે , સને : ૨૦૨૬</u>**

**ફોજદારી કેસ નં.૨૪૪૯/૨૦૨૪**

**<u>આંક:</u>**

ફરીયાદી : શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી : કુંદનભાઈ શંકરભાઈ તબીયાડ,

રહે. રામપુર (ભીમપગલા ),તા.ભિલોડા જી. અરવલ્લી

ગુન્હો : ઈન્ડીયન પીનલ કોડ ની કલમ : ૩૭૯ અને ૧૧૪ મુજબ...

---

- ફરિયાદ પક્ષ તરફે.. વિ.એ.પી.પી.શ્રી એસ.આર.પટેલ
- બચાવપક્ષ તરફે .. વિ.વ શ્રી એસ.જી.પ્રજાપતિ

---

## <u>// ઠરાવ //</u>

૧.. ફરીયાદ પક્ષના કેસની સંક્ષિપ્તમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીઓ તા.૨/૫/૨૦૨૩નાકલાક.૧૯/૩૦ થી તા.૨૨/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન મોન જે ધરોલા ગામે આ કામના સાહેદ જીવાભાઈ હકિસભાઈ

ગેલાત નાઓના ઘરે બાથરૂમ આગળ પાર્ક કરેલ ફરીની બજાજ કંપનીની કાળા કલરની લાલ પટ્ટાવાળી સી.સી.૨૨૦ ની પલ્સર મોડલની મો.સા. જેનો રજી. નંબર જી.જે.૩૧.જે.૩૨૧૬ ની જેનો એન્જીન નંબર:ડી.કે.વાય.સી.જે.જી.૫૦૨૬૯ નો છે તથા ચેચીસ નં.એમ.ડી.ર.એ. ૧ ૩.ઈ.વાય.૮. જે.સી.જી.૦૨૭૨૫ નો જેનો કિમત રૂપીયા.૩૦,૦૦૦/- ની મતાની ચોરી કરી લઈ જઈ કોલમ નં.મા જણાવેલ આરોપી ચોરીમા ગયેલ મો.સા સાથે મળી આવી પકડાઈ જઈ તથા કોલમ નં.ર મા જણાવેલ આરોપી નહી મળી આવી બન્ને આરોપીઓએ એક બીજાની મદદગારી કરી ચોરી કરી મો.સા. લઈ જઈ ગુનો કર્યા અંગે કાયદેસરની કાર્યવાહી થવા સારુ ફરીયાદીએ ટીટોઈ પોલીસ મથકે બનાવની હકીકત જાહેર કરતા પોલીસે ફરીયાદ આધારે આરોપી વિરુધ્ધ ગુન્હો રજીસ્ટર કરી ,તપાસના અંતે આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.ક. ૩૭૯ ,૧૧૪, મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

૨.. ત્યારબાદ આરોપીને સમન્સ કાઢતા અદાલત અદાલત સમક્ષ હાજર થતા , તેમને ક્રિ.પ્રો.કો.નીકલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ, તેમનું આંક : ૬ થી ૭ હેઠળ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓએ તહોમતની કબુલાતનો ઈન્કાર કરતા કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવી ફરિયાદપક્ષને પુરાવો રજુ કરવા જણાવેલ.

૩.. આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ છે.

**// મૌખિક તથા દસ્તાવેજી પુરાવા //**

| અ.નં | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | જયંતીભાઈ મનજીભાઈ ડામોર – ફરિયાદી | ૧૧ |
| ૨ | ફરિયાદ | ૧૨ |

| | | |
|---|---|---|
| ૩ | આર.સી.બુકની નકલ | ૧૩ |
| ૪ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૪ |
| ૫ | બાઈકની ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૫ |
| ૬ | કલોઝિંગ પુરસીસ | ૧૬ |

૪.. ત્યારબાદ ફરીયાદપક્ષે મુળ ફરીયાદપક્ષ તરફે તેઓ વધુ પુરાવો આપવા માંગતા અને કેસ આગળ ચલાવવા માંગતા નથી ત્યારબાદ આ કામે આરોપીનું ક્રિ.પ્ર ો.કો.ક. ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવાપાત્ર પુરાવાકીય હકીકતો ફલીત થયેલ ન હોઈ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી તેમજ કેસના આખરી નિર્ણય સારુ બન્ને પક્ષે મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે.

૫.. ઉપરોકત હકીકતે સદર કેસના ન્યાયીક નિર્ણય સારુ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શુ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આરોપીઓ તા.૨/૫/૨૦૨૩નાકલાક.૧૯/૩૦ થી તા.૨૨/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન મોન જે ધરોલા ગામે આ કામના સાહેદ જીવાભાઈ હકિસભાઈ ગેલાત નાઓના ઘરે બાથરૂમ આગળ પાર્ક કરેલ ફરીની બજાજ કંપનીની કાળા કલરની લાલ પટ્ટાવાળી સી.સી.૨૨૦ ની પલ્સર મોડલની મો.સા. જેનો રજી. નંબર જી.જે.૩૧.જે.૩૨૧ ૬ ની જેનો એન્જીન નંબર:ડી.કે.વાય.સી.જે.જી.૫૦૨૬૯ નો છે તથા ચેચીસ નં.એમ.ડી.ર.એ. ૧૩.ઈ.વાય.૮. જે.સી.જી.૦૨૭૨૫ નો જેનો કિમત રૂપીયા.૩૦,૦૦૦/- ની મતાની ચોરી કરી લઈ જઈ કોલમ નં.મા જણાવેલ આરોપી ચોરીમા ગયેલ મો.સા સાથે મળી આવી પકડાઈ જઈ તથા કોલમ નં.૨ મા જણાવેલ આરોપી નહી મળી આવી બન્ને આરોપીઓએ એક બીજાની મદદગારી કરી ચોરી કરી મો.સા. લઈ જઈ ગુનો કર્યા અંગે કાયદેસરની કાર્યવાહી થવા સારુ ફરીયાદીએ ટીટોઈ પોલીસ મથકે બનાવની હકીકત જાહેર કરતા પોલીસે ફરીયાદ આધારે આરોપી વિરુધ્ધ ગુન્હો રજીસ્ટર કરી ,તપાસના અંતે આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.ક. ૩૭૯ ,૧૧૪ ,

મુજબનાં શીક્ષાને પાત્ર ગુન્હાઓ કરેલ છે?

(૨) શું હુકમ ?

૬.. ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) છેવટના હુકમ મુજબ

**// કારણો //**

**મુદા નં.૧:-**

૭.. આ કામે ફરીયાદપક્ષે આંક:૧૧ થી ફરીયાદી : જયંતીભાઈ મનજીભાઈ ડામોર ને તપાસવામાં આવેલ છે. તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, ૨૦૧૮ બજાજ કંપનીનુ પલ્સર મો.સા. જેનો રજી. નંબર જી.જે.૩૧.જે. ૩૨૧૬ નો ખરીદેલી તા.૨/૫/૨૩ નારોજ હુ તથા મારી પત્ની માર આ મો.સા. લઈને મેવાડા જાપા રાજસ્થાન ખાતે ગયેલ સાજે આશરે સાડા સાતેક વાગે ગોરવાડા મુકામે આવેલા અને તે સમયે પાર્કીંગની વ્યવસ્થા જીવાભાઈ હકસીભાઈ ગેલાત મો.સા.ઘરે આગળ પાર્ક કરી હુ તથા મારી પત્ની મારા મામાજી પ્રકાભાળ રતુભાઈ ગેલાત નાઓના લગ્નમા હાજરી આપવા ગયેલા રાત્રે આશરે દસેક વાગે હુ તથા મારી પત્ની ઘરે જવા નીકળેલા પાર્ક કરેલ મારુ મો.સા.જોવા મળેલ નહી કોઈ અજાણ્યા ચોર ઈસમો મો.સા.જેની કિમત રૂ.૫૦,૦૦૦/- ની ગણાય ફરીયાદ આપેલ તા.૬/૫/૨૩ ના રોજની મારી પોલીસ રૂબરૂની ફરીયાદ બતાવવામા આવે છે મારી સહી છે જેને રજુ આંક:૧૨ આપવામા આવે છે પો.સ્ટ.ફરીયાદ આપી મારી મો.સા.ની આર.સી.બુકની નકલ રજુ કરેલ આર.સી.બુકની નકલ બતાવવામાં આવે છે મારી મો.સા.ની આર.સી.બુકની નકલ છે જેને આંક:૧૩ આપવામા આવે છે મો.સા.પોલીસને મળી આવતા

તે અંગેની જાણ પોલીસ કરતા નામ.કોર્ટમા મો.સા.પરત લેવા અરજી કરતા મો.સા.પરત મળેલ ચોરી કયા ઈસમો કરી તેની જાણ પોલીસે મને જાણ કરેલ ન હોય આરોપીના નામ ઠામ મને ખબર નથી આરોપીને જોયે ઓળખી શકુ નહી સદર સાહેદને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, એ વાત ખરી છેકે ચોરીનો બનાવ બન્યો તે સમયે મારા મામાજીના ઘરે લગ્નમા પ્રસગમા હતો મારી મો.સા.કયા ઈસમે ચોરી ગયેલા તેની મને ખબર નથી.

૮.. આમ, સમગ્રપણે આ કામે ઉપરોકત હકીકતે સમગ્ર મૌખિક પુરાવાઓનું ન્યાયીક વિશ્લેષણ કરવામાં આવેલ છે તે મુજબ અને સ્થાપીત ફોજદારી ન્યાયશાસ્ત્રનો સીધ્ધાંત મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ: ૩૭૯ ,૧૧૪ ના ગુનામાં ફરીયાદપક્ષે આરોપી અને જો ફરીયાદ પક્ષ તેમ કરવામાં સફળ ન થાય તો આરોપીને સજા થઈ શકે નહીં. જેથી , આ કામેના સમગ્ર પુરાવાઓ ધ્યાને લેતા આરોપી વિરુધ્ધ આક્ષેપિત ગુન્હાની કાયદાકીય જોગવાઈઓ મુજબના આવશ્યક તત્વો ફલીત થતા નથી આમ,ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ નિ:શંક પણે સાબિત કરવામાં સદંતર નિષ્ફળ નિવડતાં, મુદ્દા નં .૧નો જવાબ ''નકારમાં '' નિર્ણીત કરી મુદ્દા નં.૨ પરત્વે આખરી હુકમ નીચે મુજબનો ફરમાવું છું.

## <u>// આખરી હુકમ //</u>

**(૧)** આ કામના આરોપી : કુંદનભાઈ શંકરભાઈ તબીયાડ,રહે. રામપુર (ભીમપગલા ),તા.ભિલોડા જી. અરવલ્લી નાઓને પુરાવા ના અભાવે ફોજદારી

કાર્યરીતીસંહિતાની કલમ:૨૪૮ (૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૭૯,૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)**સદરહું કામના આરોપી ફોજદારી કાર્યરીતિ સંહીતાની કલમ–૪૩૭(એ) અન્વયે જો આ ઠરાવ સામે અપીલ થાય તો અપીલના કામે હાજર રહેવા માટે રૂ.૫,૦૦૦/– ના જામીન અને તેટલી જ રકમનો જાત મુચરકો આપવા.

ચુકાદો આજરોજ તારીખ :૫મી, માહે : મે , સને : ૨૦૨૬ ના રોજ, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી ,મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ :૦૫/૦૫/૨૦૨૬
સ્થળ :મોડાસા

( એસ. આર. શર્મા)
એડીશ્નલ જયુડી.મેજી.ફ.ક.
મોડાસા.
**જજ કોડ–જીજે૦૧૫૭૧**

D.R.PATEL